# સોનાએ ૩૨૦૦૦ની સપાટી કુદાવી

નવી દિલ્હી, તા.૬

વૈશ્વિક સ્તરે યુરો ઝોનમાં ઉદ્‌ભવેલ કટોકટી અંકુશમાં લેવા માટે નવા રાહત પેકેજની શક્યતા રચાતા સોના-ચાંદીમાં ઉદ્‌ભવેલી એકધારી તેજી યથાવત રહેતા બંને ધાતુઓ નવી વિક્રમજનક સપાટીએ પહોંચી ગઈ છે. જેના પગલે અમદાવાદ સોના-ચાંદી બજારમાં પણ બંને ધાતુઓએ નવો રેકોર્ડ સ્થાપતા સોનુ રૂપિયા ૩૨૨૫૦ચાંદી રૂપિયા ૬૦૨૦૦ની રેકોર્ડબ્રેક સપાટીએ પહોંચી ગયા છે. માત્ર અમદાવાદ બુલિયન બજારમાં જ નહીં નવી દિલ્હી અને દેશનાં અન્ય બુલિયન બજારમાં પણ તેજી જોવા મળી રહી છે. નવી દિલ્હીથી પ્રાપ્ત અહેવાલ મુજબ સોનાએ આજે રાષ્ટ્રિય પાટનગરમાં પ્રથમ વખત ૩૨૦૦૦ની સપાટી કુદાવી હતી. તેમાં ૩૨૦ રૂપિયાનો સુધારો થતાં કિંમત વધીનેપ્રતિ ૧૦ગ્રામ ૩૨૩૦૦ ઉપર પહોંચી હતી. છેલ્લા બે સપ્તાહમાં સોનામાં ૧૫૫૫ રૂપિયાનો સુધારો થયો છે. ભારત મુખ્ય રીતે આયાત ઉપર આધારીત રહે છે.

સૌ પ્રથમ સોનાની વાત કરીએ તો બુધવારે રૂપિયા ૩૨૦૦૦ની સપાટી નજીક પહોંચેલ સોનાના ભાવે ગુરુવારના કારોબારનાં અંતે રૂપિયા ૩૨૦૦૦ની સપાટીને પાછળ છોડતા રૂપિયા ૩૨૨૫૦ની ઓલટાઈમ હાઈ સપાટી બનાવી લીધી છે. ગુરુવારના કારોબારનાં અંતે અમદાવાદ માર્કેટમાં ૧૦ ગ્રામ સોનાના ભાવ રૂપિયા ૩૨૫નાં રેકોર્ડ



બ્રેક ઉછાળા સાથે રૂપિયા ૩૨૧૫૦ થી ૩૨૨૫૦ની નવી ઓલટાઈમ હાઈ સપાટી બનાવી લીધી છે. જે સોનુ બુધવારના કારોબારના અંતે રૂપિયા ૩૧૮૨૫થી ૩૧૯૨૫ની સપાટીએ હતું. નોંધપાત્ર છે કે છેલ્લા સપ્તાહમાં સોનાના ભાવમાં રૂપિયા ૧૦૭૫નો જંગી વધારો નોંધાયો છે. જ્યારે બીજી બાજુ બુધવારે સ્થિર રહેલ ચાંદીના ભાવે ગુરુવારે ફરીથી નવી ઓલટાઈમ હાઈ સપાટી બનાવી હતી. ગુરુવારના કારોબારના અંતે અમદાવાદ માર્કેટમાં પ્રતિકિલોગ્રામ અંતે અમદાવાદ માર્કેટમાં પ્રતિકિલોગ્રામ ચાંદીના ભાવ રૂપિયા ૧૨૦૦ના જંગી ઉછાળા સાથે રૂપિયા ૫૯૭૦૦થી ૬૦૨૦૦ની ઓલટાઈમ હાઈ સપાટીએ બંધ રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે ચાંદીના ભાવ બુધવારે અમદાવાદ માર્કેટમાં પાંખા કામકાજના લીધે રૂપિયા ૫૮૫૦૦ થી ૫૯૦૦૦ની સપાટીએ સ્થિર હતા. જ્યારે સોના-ચાંદીમાં ઐતિહાસિક તેજીનાં પગલે અમદાવાદ માર્કેટમાં પ્રતિકિલોગ્રામ રૂપાના ભાવ પણ રૂપિયા ૧૨૦૦ના ઐતિહાસિક સુધારા સાથે રૂપિયા ૫૯૫૦૦થી ૬૦૦૦૦ની ઓલટાઈમ હાઈ સપાટીએ સ્થિર રહ્યા હતા. જે બુધવારે રૂપિયા ૫૮૩૦૦થી ૫૮૮૦૦ની સપાટીએ સ્થિર હતા. ઉલ્લેખનીય છે કે વૈશ્વિક લેવલે સોના-ચાંદીની લેવાલી અને સ્થાનિક સ્તરે નિષ્ફળ રહેલ ચોમાસુ સુધરવાના અહેવાલો વચ્ચે સોના-ચાંદી બજારમાં ઐતિહાસિક તેજીનો માહોલ સર્જાયો છે.જેના પગલે અમદાવાદ માર્કેટમાં સોના-ચાંદીના ભાવ દિન-પ્રતિદિન નવી ઐતિહાસિક સપાટી બનાવી રહ્યા છે. જેના લીધે રોકાણકારોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે.

## ભારતમાં ડિઝલની કિંમત અન્ય દેશો કરતાં ઓછી છે

નવી દિલ્હી, તા.૬

ભારતમાં પેટ્રોલની કિંમત પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અમેરિકા કરતાં મોંઘી છે પરંતુ ડિઝલની કિંમત અન્ય દક્ષિણ એશિયન અને પશ્ચિમી દેશોની સરખામણીમાં ઓછી છે. લોકસભામાં એક પ્રશ્નનાં જવાબમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ માટેનાં રાજ્ય પ્રધાન આરપીએન સિંહે આ




મુજબની માહિતી આપી હતી. લોકસભામાં પશુપતિનાથ સિંહે આ પ્રશ્ન કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતમાં પેટ્રોલની કિંમત લિટરદીઠ ૬૮.૪૬ છે જ્યારે પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમત લિટરદીઠ ૫૩.૩૨ છે. બાંગ્લાદેશ, શ્રીલંકા અને અમેરિકામાં પણ જુદા જુદા ભાવ છે. નેપાળમાં પેટ્રોલની કિંમત પ્રતિલિટર ૭૪.૭૭ રૂપિયા છે. જ્યારે આની કિંમત ૧૦૫.૧૦ રૂપિયા છે. જર્મનીમાં ૧૧૧.૦૩ રૂપિયા છે. બ્રિટનમાં ૧૧૪.૪૨ છે. જ્યારે ઈટાલીમાં આની કિંમત ૧૧૯.૬૯ રૂપિયા પ્રતિલિટર છે. મંત્રીએ કહ્યું હતું કે ભારતમાં ડિઝલની કિંમત પ્રતિલિટર ૪૧.૩૨ રૂપિયા છે. પાકિસ્તાનમાં ભારત કરતા વધુ કિંમત છે. શ્રીલંકામાં પણ ભારત કરતા વધુ કિંમત છે. બાંગ્લાદેશ, નેપાળ, અમેરિકા, જર્મનીમાં પણ ડિઝલની કિંમત ભારત કરતાં વધુ છે.

## કોલસા બ્લોકની ફાળવણીનાં મામલે સંસદનાં બંને ગૃહ ૧૨મા દિવસે પણ મોકૂફ થયાં

નવી દિલ્હી, તા.૬

સંસદનું મોનસુન સત્ર આવતીકાલે પરિપુર્ણ થઈ રહ્યું છે. સંસદનાં મોનસુન સત્રમાં આ વખતે ભારે ધાંધલધમાલનાં કારણે ખુબ ઓછી કામગીરી ચાલી શકી છે. સંસદની કામગીરી સંપુર્ણપણે ખોરવાઈ ગઈ છે. કોલસા બ્લોકની ફાળવણીનાં મામલે ધાંધલધમાલમાં સમય બગડી ગયો છે. આજે પણ સતત ૧૨માં દિવસે પણ કામગીરી ચાલી શકી ન હતી અને કામગીરી મોકુફ કરી દેવામાં આવી હતી. આજે દિવસ માટે સંસદ મળતાની સાથે જ ભાજપનાં સભ્યો ગૃહની વચ્ચોવચ આવી ગયા હતા અને ધમાલ મચાવી હતી. ભાજપનાં સભ્યો કોલસા બ્લોકની ફાળવની મામલે વડાપ્રધાન મનમોહનસિંહનાં રાજીનામાની માંગણી ઉપર મક્કમ રહ્યા હતા. સંસદમાં ધાંધલધમાલ જારી રહેતા લોકસભા અને રાજ્ય



સભા દિવસભર માટે મોકુફ કરી દેવામાં આવી હતી. અગાઉ લોકસભા અને રાજ્ય સભા બપોર સુધી મોકુફ કરાઈ હતી. ડીએમકે, અન્ના દ્રમુક અને સીપીઆઈ દ્વારા પણ જુદા જુદા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. આ લોકોએ શ્રીલંકન મુદ્દો ઉઠાવ્યો હતો. બપોરમાં લોકસભા ફરી મળતાની સાથે જ ભાજપનાં સભ્યો ગૃહની વચ્ચોવચ પહોંચી ગયા હતા અને વડાપ્રધાનનાં રાજીનામાંની માંગ કરી હતી. કોંગ્રેસ અને ભાજપનાં સભ્યોએ એકબીજા સામે આક્ષેપો કર્યા હતા. આવાસ અને ગરીબી નિવારણ પ્રધાન કુમારી સેલજાએ આ ગાળા દરમિયાન ધાંધલધમાલ વચ્ચે એક બીલ રજુ કર્યું હતું ત્યારબાદ ગૃહ દિવસભર માટે મોકુફ કરી દેવાયું હતું. રાજ્યસભામાં પણ આવી સ્થિતી જોવા મળી હતી. બપોરમાં સમાજવાદી પાર્ટીનાં સભ્યો ગૃહની વચ્ચોવચ પહોંચી ગયા હતા અને સરકારી નોકરીમાં એસસી અને એસટીનાં કર્મચારીઓ માટે બઢતીમાં અનામતનો વિરોધ કર્યો હતો. ભાજપનાં સભ્યો કોલસા મુદ્દે મક્કમ રહ્યા હતા. રાજ્યસભાને બે વાગ્યા સુધી મોકુફ કરાઈ હતી. આજે દિવસ દરમિયાન હોબાળો રહ્યો હતો. આવતીકાલે સંસદનાં મોનસુન સત્રની પુર્ણાહુતી થઈ રહી છે. વર્તમાન સત્રમાં કોઈપણ કામગીરી ચાલી શકી નથી.

## ISSમાં સ્વિચિંગ બોક્સને સ્થાપિત કરવામાં સફળતા

ન્યૂયોર્ક, તા. ૬

ભારત અમેરિકી અંતરિક્ષ યાત્રી સુનિતા વિલિયમ્સે પોતાનાં છઠ્ઠી સ્પેસ વોકમાં વધુ એક સફળતા હાસલ કરી હતી. સુનિતા વિલિયમ્સે આ સ્પેસ વોક દરમિયાન આઈએસએસમાં સ્વિચિંગ બોક્સને સ્થાપિત કરવામાં સફળતા મેળવી હતી. સુનિતાએ આ કામને પાતાના જાપાની સાથીની મદદથી સફળતાપુર્વક પાર પાડ્યું હતું. બંને અંતરિક્ષ યાત્રી અતિઆધુનિક સાધનોથી સજ્જ હતા. અમેરિકી અંતરિક્ષ સંસ્થાએ કહ્યું છે કે નાસાની સુનિતા



વિલિયમ્સ અને જાપાનનાં એરો સ્પેસ એક્સપ્લોરેશન એજન્સીનાં ફ્લાઈટ એન્જિનિયર અકીહિકો હોશિંદે દ્વારા મુખ્ય સ્વિચિંગ યુનિટને સફળતાપુર્વક સ્થાપિત કરતા નાસાનાં વૈજ્ઞાનિકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. સુનિતા વિલિયમ્સ હજુ સુધી આ પહેલા પાંચ સ્પેસ વોક કરી ચુકી છે. અત્રે ઉલ્લેખનિય છે કે સુનિતા વિલિયમ્સ અન્ય બે સાથીઓ સાથે જુલાઈમાં રવાના થઈ હતી. ત્રણેય અંતરિક્ષ યાત્રી ચાર મહિના સુધી કેન્દ્ર ઉપર રહેનાર છે. નાસાની ૪૬ વર્ષિય અંતરિક્ષ યાત્રી સુનિતા, રશિયાનાં સો યુઝનાં કમાન્ડર મલેનચેન્કો અને જાપાનનાં હોશિંદે અંતરિક્ષમાં સફળતા પુર્વક કામગીરી અદા કરી રહ્યા છે. આ ત્રણેય અંતરિક્ષ યાત્રી ૧૫મી જુલાઈનાં દિવસે ચાર મહિનાનાં અતરિક્ષ મિશનનાં હેતુસર કજાકિસ્તાનનાં બેકાનુર કોસ્મોડ્રોમથી આઈએસએસ માટે રવાના થયા હતા. સુનિતા વિલિયમ્સની આ બીજી અંતરિક્ષ યાત્રા છે. આ અગાઉ સુનિતા વિલિયમ્સ ૧૯૫ દિવસ સુધી અંતરિક્ષમાં રહી ચુકી છે. જે કોઈપણ મહિલા અંતરિક્ષ યાત્રીની સૌથી લાંબી યાત્રાનો એક રેકોર્ડ છે. ત્રણ સભ્યોની ટીમ નવેમ્બરનાં મધ્ય સુધી પરત ફરશે. આ ગાળા દરમિયાન આ ત્રણેય આઈએસએસ પર આશરે ૩૦ વૈજ્ઞાનિક મિશનનો પરિપુર્ણ કરનાર છે.

## શિવાકાશી આગના બનાવના સંબંધમાં છની ધરપકડ થઈ

શિવકાશી, તા.૬

તમિલનાડુનાં શિવકાશી વિસ્તારમાં ફટાકડાનાં એક યુનિટમાં ફાટી નિકળેલી વિનાશકારી આગનાં સંબંધમાં સાત લોકોની ધરપકડ કરવામાં આવી છે. બીજી બાજુ મોતનો આંકડો ઘટાડવામાં આવ્યો છે. ગઈકાલે બનેલી આ દુર્ઘટનાનાં મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. પોલીસનાં જણાવ્યા મુજબ હાલનાં વર્ષોમાં શિવકાશીની સૌથી મોટી દુર્ઘટના છે. ઘાયલો પૈકી ૫૦થી વધુ લોકોને જુદી જુદી હોસ્પિટલોમાં સારવાર આપવામાં આવી રહી છે. આ આગનાં મામલામાં ૧૩ લોકોને આરોપી બનાવામાં આવ્યા છે. જે પૈકી સાતની ધરપકડ કરવામાં આવી લીધી છે. આ યુનિટ માટે લાઈસન્સ દુર્ઘટનાનાં એક દિવસ પહેલા જ રદ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. શિવકાશીમાં નાના મોટા બનાવો સતત બનતા રહે છે. પરંતુ ગઈકાલે શિવકાશી યુનિટમાં લાગેલી આગને સૌથી ગંભીર આગ



તરીકે ગણવામાં આવે છે.

પોલીસનાં જણાવ્યા મુજબ બચાવ કામગીરી પુર્ણ કરી લેવામાં આવી છે. શિવકાશીને ભારતનાં ફટકાડાનાં મુખ્ય હબ તરીકે ગણવામાં આવે છે. અહી ફટાકડાનાં ૭૦૦ એકમો છે. અહીં એક લાખ લોકો કામ કરે છે. દેશમાં ઉપયોગ થનાર આશરે ૯૦ ટકા ફટાકડાઓ અહીં જ બને છે. સામાન્ય રીતે દિવાળી પહેલા ફટાકડાઓ સાથે સંબંધીત દુર્ઘટનાઓ વધી જાય છે. કારણ કે આ ગાળામાં વધુ બનાવો બને છે. વિરૂદ્ધ નગર જિલ્લામાં શિવકાશી નજીક મુધાલીપટ્ટીમાં ઓમ શક્તિ ફાયરવર્ક્સમાં આ આગ ફાટી નિકળી હતી. પોલીસે વધુ બે લોકોની શોધખોળ હાથ ધરી છે જેમાં ઓમ શક્તિ ફાયરવર્ક્સનાં માલિકનો સમાવેશ થાય છે. ધરપકડ કરાયેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. તમામ સામે પોલીસે આઈપીસીની કલમ ૨૮૬, ૩૩૭, ૩૩૮, ૩૦૪ લાગુ કરી છે. બનાવનાં મામલામાં ઉંડી તપાસ હજુ પણ ચાલી રહી છે. બીજીબાજુ ભોગ બનેલા લોકોના પરિવારને રાહતની ફાળવણી હાથ ધરવામાં આવનાર છે.

## ઉઘડતે પડદે

• બીજા પાનાનું અનુસંધાન

હલ્લડ જમાવ્યું... આમ તો મારે મહિને ૨૮ કાર્યક્રમો હોય અને એમાં ૨૭ કેન્સલ થાય એ આવો એકાદય કોકના બદલામાં મળે એવી જાત પર જ રમૂજ કરી ગુણવંતભાઈ ખરેખર એમની અસ્સલ કોમેડીયનની છાપ મુકતાં ગયાં...

ગાંધીનગરના જાણીતા કવિ ભરત કવિની ગઝલ અરમાન જિંદગીનાં પુરા થાય તોય ઘણું છે.. ની રજૂઆત હરેશદાને કરી કૃષ્ણ- દ્રૌપદીની વાતોથી મહાભારતની વાતોમાં સૌને રસતરબોળ કર્યા... ચારણી સાહિત્ય કેમ લોકહૃદય સુધી અસર કરી જાય છે એ માટે તો હરેશદાનની કર્ણ-કૃણાનાં અમદાવાથી તરબતર વાતો માણએ એ જ જાણે જેવો ઘાટ થયો... દાન અલગારીની એને ગોતવા જાવ તો ક્યાંય જડે નહિ અને મોજમાં રહેવું જેવી રચનાઓથી હરેશદાન છવાયેલા રહ્યાં !!

રાત જામતી ગઈ અને કલાકારો ખીલતાં ગયાં બિહારીદાન અને જયશ્રી ભોજવીયાએ પછી તો ગુજરાતી લોક સાહિત્યનાં એકબાદ એક સુંદર રચનાઓથી ડોલાવી દીધાં... મારું વનરાવન તે રૂડું વૈકુંઠ નહી રે આવું, દાદા હો દીકરી... હવે નહીં જાવું વીર વાઢવા રે લોલ.. આજે અમે ગ્યાતા સોનીડાને હાટ જો... હો રંગ રસીયા ક્યાં રમી આવ્યા રાસ જો... હો કાન તારે મોરલીયે મોહીને ગરબો ઘેલો કીધો... ખમ્મા મારા નંદજીના લાલ, મોરલી કાં રે વગાડી... અમે મણિયારા રે ગોકુળ ગામનાં, મારે મહી વેચવાંને જાવા મૈયારાં રે, ગોકુળ ગામનાં... અને ધનાધન રમઝટમાં ઢોલીએ ઢોલને ગળે લટ કાવી જે તાનમાં વગાડ્યું કે પ્રેક્ષકોની નોન સ્ટોપ તાળીઓ વાગતી જ રહી.

બેન્ઝોની મધુર મેલોડીઝમાં ગીતોનો દોર અખંડીત જ ચાલ્યો, ચાંદો ઉગ્યો ચોકમાં, ઘાયલ ચાંદો ઉગ્યો ચોરમાં... કૃષ્ણ ભગવાન હાલ્યા દ્વારીકાને કાંઈ લીધો મણિયારા વાળો વેશ કે હોવે હોવે, હું તો તને વરણાગી હો મણીયારા... યે ખૂન મહેકા, યે કૌન ચાંદ ચમકા, મહેફીલ મેં ઐસી ખુશ્બુ ઉડી કૌન ચાંદ ચમકા, લો તનમેં જાન આયી, હોઠો પે તાન આઈ, મેરી ચેકારી બનકે ચાંદ આઈ... કૃષ્ણ ભગવાન હાલ્યા દાસીકાનો ફરી તંતુ સાધી ગીતમાં તલ્લીન થી ગયેલાં.. ગીતોની આ એકધારી રજૂઆતમાં સમય સરકી ગયો, આમેય સુખમાં સમય ઝડપી અને દુખમાં ધીમો જાય ચે, એટલે સમય ઘડિયાળ પર નહિ મનનાં અધારે ચાલે છે!!


ઢોલક, તબલાં, મંજીરા, બેન્ઝોના વાંદવૃંજને જેટલી શાબાસી આપીએ એટલી ઓછી... મને જાવા દ્યો મોરલીના રાજા... પહેલાં પહેલાં જુગમાં રાણી તું હતી પોપટી રે અમે રે પોપટ રાજા રામનાં... એક ગીતનું પુરો રસાસ્વાદ થાય એટલામાં બીજું ગીત આવી જાય, વાહ વાહ અને આફ્રીન શબ્દો ગુજતા થાય એમાં ઝવેરચંદ મેઘાણીનું રકત ટપકની સો સો ઝોળી આઈજે સમરાંગણથી આવે, આઝાદી ગાતી, કોની માતા કોની મમતા ભગીની ટોળે વળતી જેવો વીરરસથી તરબતર રચના બાદ ભૈરવીમાં હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ અને અષાઢઈ સાંજના અંગર ગાજેના દૂહા સાથે મધરાતે ડાયરાએ સૌને રામ રામ કરી લીધાં...

રઢિયાળી રાત ખરેખર રંગીન રાત અને અવિસમરણીય બની ગઈ... આખાંય કાર્યક્રમની મજાએ રહી કે દરેક કલાકાર ભારતીય વર્લ્ડકપ વિજેતા ટીમ જેવો હતો, જેને ઉતારો એ બધા જ મજબૂત, ક્યાંય કોઈ ત્રૂટી નહીં. મજા અને મોજ સિવાય કશું ખપે નહીં.... ગુજરાતી લોક સંગીતનાં સાંસ્કૃતિક વારસાને આગળ ધપાવવામાં ડાયરો મજબૂત માધ્યમ બને છે. શિવરંજનીએ એના સિલેકશનમાં વિઝન બતાવી પ્રેક્ષકોને લોક કંઠે વહેતી વાણીનાં સ્પંદન જેવા ડાયરાથી રસતરબોળ કરી દીધાં... મધુરી રાતનાં મજેદાર શણગાર સાથે સંસ્કૃતિની ઉપાસના કરવા બદલ શિવરંજની ટીમને ચારણી લહેકામાં જ કહીએ તો ખમ્મા મારાં વીરા...

## વિઝા પ્રોસેસિંગ સિસ્ટમને અમેરિકાએ વધુ સરળ કરી

નવી દિલ્હી, તા. ૬

અમેરિકાએ તેની વિઝા પ્રોસેસિંગ સિસ્ટમને વધુ સરળ બનાવવાની દિશામાં પગલા લઈ લીધા છે. અમેરિકી દુતાવાસે આ પ્રક્રિયાને વધુ સરળ બનાવવા શ્રેણીબદ્ધ નવા પગલાની જાહેરાત કરી છે. જેમાં ફીની ચુકવણી સહિતનાં મુદ્દાનો સમાવેશ થાય છે. એપોઈટમેન્ટનાં કાર્યક્રમમાં પણ સુધારો કરવામાં આવી રહ્યો છે. નવી વેબસાઈટ મારફતે પણ આ તમામ સુવિધા ઉપલબ્ધ બનશે. કોન્સ્યુલર બાબતોનાં નિષ્ણાંત જુલિયા સ્ટેનલીએ એક પત્રકાર પરિષદમાં આ મુજબની જાહેરાત કરી હતી. એમણે કહ્યું હતું ૨૬મી સપ્ટેમ્બરથી અમેરિકી વિઝા અરજીદારો વાયા ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર (ઈએફટી) મારફતે એપ્લિકેશન ફીની ચુકવણી કરી શકશે. અથવા તો મોબાઈલ ફોન પરથી પણ અરજી ફીની ચુકવણી કરી શકશે. તેઓ ૧૮૦૦



એક્સિસ બેંકની શાખાઓમાં રોકડની ચુકવણી કરી શકશે. પ્રથમ વખત અરજીદારો ઓનલાઈન તેમની એપોઈટમેન્ટનો કાર્યક્રમ આપી શકશે. અથવા તો ફોનથી પણ અરજીદાર એપોઈટમેન્ટ આપી શકશે. ઈંગ્લિશ, હિન્દી, પંજાબી અને ગુજરાતી તથા તેલગુમાં પ્રતિનિધિ જવાબ આપી શકશે. સ્ટેનલીએ કહ્યું હતું કે વિઝા પ્રક્રિયાને વધુ અસરકારક અને સરળ બનાવવાનાં હેતુસર આ નિર્ણય લેવાયો છે. વિશ્વભરમાં અમેરિકી વિઝા માટેની માંગ સતત વધી રહી છે. આને પહોંચીવળવાનાં હેતુસર આ નિર્ણય લેવાયો છે. તેમણે એમપણ કહ્યું છે કે વર્તમાન વ્યવસ્થાથી આમાં કોઈ અંતર નથી. પરંતુ પ્રથમ વખતનાં અરજીદારોને બે નિર્ધારીત એપોઈટમેન્ટની જરૂર રહેશે. જેમાં એક ફિંગરપ્રિન્ટ કલેક્શનની જરૂર રહેશે. દસ્તાવેજોની સુરક્ષા સંબંધમાં પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે અમેરિકા હંમેશા વિઝાનાં મુદ્દે હાઈએસ્ટ સુરક્ષા ધરાવે છે. તમામ દસ્તાવેજોને ખુબ જ સુરક્ષીત રીતે રાખવામાં આવશે.

## વાર્ષિક જીડીપી ગ્રોથ ટાર્ગેટ ઘટાડીને ૮.૨ ટકા કરાયો

નવી દિલ્હી,તા.૬

આર્થિક રિકવરીની દિશામાં સરકાર વધવાની યોજના ધરાવે છે. આજ હેતુસર યોજનાં પેનલે વાર્ષિક જીડીપી ગ્રોથ ટાર્ગેટને ૧૨ પંચવર્ષીય યોજના માટે ઘટાડી દેવાનો નિર્ણય કર્યો છે. અગાઉ નવ ટકા વાર્ષીગ જીડીપી ગ્રોથ ટાર્ગેટ સાથે આગળ વધાવની વાત હતી. પરંતુ હવે ૧૨મી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૧૭)માં સરેરાશ આર્થિક વિકાસદર ૮.૨ ટકા રાખવાનો નિર્ણ કરવામાં આવ્યો છે. આ વિભાગ સાથે સંકળાયેલા સુત્રોએ કહ્યું છે કે પેનલ વાર્ષિક આર્થિક વિકાસદર લક્ષ ૮.૨ ટકા રહેશે. આ મુદ્દો વડાપ્રધાન મનમોહનસિંહનાં નેતૃત્વમાં ૧૫મી સપ્ટેમ્બરનાં દિવસે યોજાનારી આયોજન પંચની સંપુર્ણ બેઠકમાં ચર્ચાશે. આ દરખાસ્ત મુજબ પંચ ૧૨મી યોજનાનાં વર્ષ ૨૦૧૬-૧૭નાં ગાળામાં નવ ટકાનો ગ્રોથ રેટ હાંસલ કરવાનો ઈરાદો ધરાવે છે. જાળકાર નિષ્ણાંતોનું કહેવું છે કે એક વખતે આયોજન પંચે ગ્રોથ ટાર્ગેટને મંજુરી આપી દીધા બાદ તેના પર કેન્દ્રિય કેબિનેટમાં ચર્ચા થશે. ત્યારબાદ તેને નિર્ણય લેતી સર્વોચ્ચ સંસ્થા પાસે અંતિમ મંજુરી માટે મોકલવામાં આવશે.

## સમાચાર ઝલક

- વોશિંગ્ટન પોસ્ટમાં વડાપ્રધાન વિષે પ્રથમ પાને જે ટીપ્પણી કરી છે તેની દિલગીરી કે કોઇ ક્ષમાયાચના માંગવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો.
- સૂર્યમાં ઉઠેલી વિકરાળ જવાળા પૃથ્વી પર પૂર, તબાહી મચાવશે : નાસાની ચેતવણી.
- અરબી સમુદ્રમાં ચક્રવાતથી અતિભારે વરસાદ થઇ શકે.
- દેંના બેંકની શાખામાં મતદાર યાદી જાણી શકાશે.
- સપ્ટેમ્બર - ઓક્ટોબરમાં ૩૦ ફિલ્મો રજૂ થશે.
- ગુજરાતમાં શાળાઓ કરતાં કોચિંગ વર્ગો વધુ છે.
- ઇન્દોરના ૭૨ વર્ષના શિક્ષક શ્રી રામસ્વરૂપ શ્રીમાળીએ ૪૪ વર્ષથી એક પણ રજા લીધા વિના અભ્યાસ કરાવ્યો છે.
- એલ.ડી. એન્જિનીયરીંગ કોલેજ હોસ્ટેલ ફરી ચમકી છે, દારૂની મહેફિલ માણતાં ૭ વિદ્યાર્થીઓની ધરપકડ કરાઇ.
- સોનામાં વણથંભી તેજી - ૧૦ ગ્રામના રૂા. ૩૨,૦૦૦ ની સપાટી ભણી.
- ઢસા નજીક ૨૩ લાખના હીરાની સનસનીખેજ લૂંટ.
- ધોરણ ૧૧-૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર.
- કેગનો નવો ધડાકો - દિગ્ગજ જાહેર સાહસોએ કરોડો રૂપિયા વેડફી નાખ્યાં.
- સૌરાષ્ટ્રવાસીઓના ચહેરા પર ચમક્યું હીર : તમામ ડેમોમાં આવ્યા નવા નીર.
- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાએ થાપણો ઉપર વ્યાજ ઘટાડો કર્યો.
- દરેક જિલ્લામાં બે સ્માર્ટ શાળા, એક ગ્રીન સ્કૂલ અને સ્પોર્ટ્સ સંકુલ બનશે.
- ધાનેરાની શાળામાં દારૂની કોથળીઓ અને ગંજીફાનાં પાના મળ્યાં.

## ત્રાસવાદી માટે સાઇબર સ્પેસ હથિયાર સમાન છે

નવી દિલ્હી,તા.૬

ગૃહપ્રધાન સુશીલકુમાર શિન્દેએ આજે કહ્યું હતું કે આસામમાં તાજેતરમાં જ ભડકી ઉઠેલી સાંપ્રદાયિક હિંસાને કોમવાદી રંગ આપવાની બાબત ખુબ જ કમનસીબ છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે આસામમાં સાંપ્રદાયિક હિંસા મામલે ઘણાં પરિબળો જવાબદાર હતા. શિન્દેએ કહ્યું હતું કે સાઈબર સ્પેસ આતંકવાદીઓનાં હાથમાં એક નવા હથિયાર સમાન છે. ત્રાસવાદીઓ સોશિયલ નેટવર્કિંગ સાઈટનો ઉપયોગ કરી પોતાનાં ઉદ્દેશ્યને પુર્ણ કરવા અફવાઓ ફેલાવે છે. આમાં તેમને સફળતા પણ મળે છે. પરંતુ ભારતને વધુ સાવધાન થઈ જવાની જરૂર છે. આતંકવાદીઓ સાઈબર સ્પેસની મદદ લેતા થયા છે. હાલની ઘટનાઓ નવા પડકાર ઉભા કરે છે. આસામ હિંસા અંગે ફોનલાઈન અફવાઓ ફેલાવા પાછળ આતંકવાદી નેટવર્ક હોવાનો સંકેત આપ્યો હતો. વ્યાપક અફવાઓએ ગાળા દરમિયાન ફેલાઈ ગઈ હતી. જેથી લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. નવી દિલ્હીમાં શરૂ થયેલી ત્રણ દિવસની પોલીસ વડાઓની બેઠકમાં શિન્દેએ કહ્યું હતું કે સુરક્ષાદળોએ તોફાની તત્વોની પ્રવૃત્તિ ઉપર નજર રાખવા હવે વિશેષ વ્યવસ્થા કરવી જોઈએ. આતંકવાદીઓ સાયબર ક્ષેત્રમાં પ્રવેશી રહ્યા છે.

જવાબદાર તત્વો સામે ઝડપથી કાર્યવાહી કરી શકાય છે. ઉદ્‌ઘાટન સંબોધનમાં શિન્દેએ કહ્યું હતું કે આસામમાં વંશીય સંગઠનો દ્વારા ફેલાવવામાં આવી અફવા ખુબ કમનસીબ છે. કોમવાદી રંગ આપવાની બાબત વધારે ખતરનાક હતી. આતંકવાદીઓ હવે સાયબરક્ષેત્રમાં પ્રવેશી રહ્યા છે તેના પુરાવા મળી ગયા છે. શિન્દેએ ઘણાં મુદ્દે વાત કરી હતી.

## પ્રથમ ડ્રીમલાઈનર વિમાન શનિવારે ભારત આવી જશે

નવી દિલ્હી, તા. ૬

જેની ઉત્સુક્તાપુર્વક રાહ જોવામાં આવી રહી હતી તે બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાન માટે ઈંતજાર હવે પુર્ણ થઈ રહ્યો છે. પ્રથણ ડ્રીમલાઈનર વિમાન શનિવારે ભારત આવી પહોંચશે. એર ઈન્ડિયા માટે પ્રથમ ડ્રીમલાઈનરને લઈને ઘણા સમયથી ઘણી દુવિધા હતી. નેશનલ કેરિયર એર ઈન્ડિયાએ છ વર્ષ અગાઉ ૨૭ ડ્રીમલાઈનરોનો ઓર્ડર આપ્યો હતો પરંતુ ઘણી બધી બાબતો ઉપર ગુંચવણ ઉભી થઈ ગઈ હતી. હવે ગુંચવણ દુર કરી દેવામાં આવી છે. શનિવારનાં દિવસે પ્રથમ ડ્રીમલાઈનર આવી પહોંચશે. આગામી થોડાક સપ્તાહમાં વધુ બે વિમાન આપવામાં આવશે. જો કે વિલંબ વળતર સમજુતીને લઈને હજુ સુધી કોઈ નિર્ણય કરાયો નથી. ઓગસ્ટ મહિનામાં કેન્દ્રિય કેબિનટ દ્વારા આ સમજુતિને મંજુરી આપવામાં આવી હતી. કેન્દ્રિય કાયદા મંત્રાલય દ્વારા દંડ મામલે હજુ કોઈ નિર્ણય લેવાયો નથી. આ સમજુતિને લઈને બંને દેશો વચ્ મતભેતની સ્થિતી પણ સર્જાઈ હતી. એરલાઈન અને બોઈંગ વચ્ચે ઘણી વાતચીત થઈ ચુકી છે. ડિલિવરી આપવામાં ચાર વર્ષનો વિલંબ થવા બદલ અમેરિકાની મહાકાય વિમાન બનાવતી કંપની બોઈંગ દ્વારા વળતર ચુકવવામાં આવે તેવી માંગણી ભારત દ્વારા કરવામાં આવી છે. પ્રથમ ડ્રીમલાઈનર વિમાન મુળભુત રીતે સપ્ટેમ્બર ૨૦૦૮માં મળનાર હતું અને ડિઝાઈન અને પ્રોડક્શન મુદ્દાઓ પર ગુંચવણ ઉભી થઈ હતી. આ નવા વિમાનની સાથે એર ઈન્ડિયા અનેક આંતરરાષ્ટ્રિય સેક્ટર પર ઉડાણની યોજના ધરાવે છે. જેમાં ઓસ્ટ્રેલિયાની સેવાનો સમાવેશ થાય છે. આગામી થોડાક સપ્તાહથી સ્થાનિક રૂટ ઉપર ડ્રીમલાઈનર ઓપરેટ કરાશે.